# કાઉસગ્ગે ઊભા

કમ્મગંથી ભલી અંત લગ ઊખલી,
સવ્વ સમકિત થયું ખલભલી ખલભલી.

રક્ત ને કૃષ્ણ આભા બધી ઓગલી,
આપમાં આપ નિર્મલ થઇ ઝલમલી.

દૃષ્ટિલેહા ય તે કૈંક જોજન ચલી,
ધ્યાનની ધવલિમા ધવલિમા ઝલહલી.

જર્જરિત આવરણ ઓર જર્જર થયાં,
જન્મજન્માંતરોની કથા ઊકલી.

દુંદુભિનાદ ને પુષ્પવૃષ્ટિ નભે,
કાઉસગ્ગે ઊભા શ્વાસ આ કેવલી!

**- કવિ શ્રી રાજેન્દ્ર શુક્લ**

૨૭ ઓક્ટોબર ૧૯૯૯

# તીર્થ ઉધ્ધારશું!

શૂન્યનું શિખર સમાવશું,
ઊર્ધ્વનું ચૈત્ય ઉધરાવશું!

તીર્થ ઉધ્ધારશું આગવું,
શબ્દનું બિંબ પધરાવશું!

અવનવી આંગી રચશું વળી,
ગંધકપૂર પમરાવશું!

મૌનના મંદમંદ સ્વરે, ગાઈશું,
સ્તવન ગવરાવશું!

નિત્ય આનંદની ગોચરી,
વાપર્યું એ જ વપરાવશું!

**- કવિ શ્રી રાજેન્દ્ર શુક્લ**

# (૭) શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન

(લાછલદે માત મલ્હાર - એ દેશી)

શ્રી સુપાસજિનરાજ, તું ત્રિભુવન શિરતાજ;
આજ હો છાજે રે, ઠકુરાઈ પ્રભુ તુજ પદ તણીજી.
શ્રી સુપાસજિનરાજ, તું ત્રિભુવન શિરતાજ. ૧

દિવ્યધ્વનિ[૧] સુરફૂલ[૨], ચામર[૩] છત્ર[૪] અમૂલ;
આજ હો રાજે રે, ભામંડલ[૫] ગાજે દુંદુભિ[૬]જી.
શ્રી સુપાસજિનરાજ, તું ત્રિભુવન શિરતાજ. ૨

સિંહાસન[૭] અશોક[૮], બેઠા મોહે લોક;
આજ હો રાજે રે, દીવાજે છાજે આઠશુંજી.
શ્રી સુપાસજિનરાજ, તું ત્રિભુવન શિરતાજ. ૩

અતિશય સહજના ચ્યાર, કર્મ ખપ્યાથી અગ્યાર;
આજ હો કીધા રે, ઓગણીસે સુરગણ ભાસુરેજી.
શ્રી સુપાસજિનરાજ, તું ત્રિભુવન શિરતાજ. ૪

વાણી ગુણ પાંત્રીસ, પ્રાતિહારજ જગદીશ;
આજ હો સ્વામી રે, શિવગામી વાચકજશ થુણ્યોજી.
શ્રી સુપાસજિનરાજ, તું ત્રિભુવન શિરતાજ. ૫

**- પરમ પૂજ્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ**

# (૭) શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવનનો અર્થ

હે શ્રી સુપાર્શ્વ જિનેશ્વર દેવ ! આપ ત્રણ ભુવનના મસ્તકના મુકુટરૂપ છો. હે પ્રભુ ! આપના તીર્થંકર પદનું ઐશ્વર્ય આજેય મારા દિલ તથા દુનિયામાં દીપી રહ્યું છે. ૧

(જુઓ-જુઓ ! સમવસરણમાં બિરાજેલા શ્રી તીર્થંકર પરમાત્માને જુઓ અને જન્મ સાર્થક કરો.) એ ત્રિભુવનપતિના મહા મહિમાને દશે દિશામાં બુલંદ કરતાં પ્રાતિહાર્યો તો જુઓ ! દિવ્ય ધ્વનિ, દેવોએ વરસાવેલાં પુષ્પો, ચામર, ત્રણ છત્ર, ભામંડલ અને દુંદુભિ એ છ પ્રાતિહાર્યો, પ્રભુની પ્રભુતાના પ્રભાવે કેવાં શોભી રહ્યા છે. ૨

સિંહાસન અને અશોકવૃક્ષ આ આઠ પ્રાતિહાર્યોની વચ્ચે સિંહાસન ઉપર બિરાજેલા પ્રભુજી કેવા શોભી રહ્યા છે ! અને લોકોને મોહી રહ્યા છે ! (બીજી) ગાથામાં છ પ્રાતિહાર્યોનો અને આ ગાથામાં બાકીના બે પ્રાતિહાર્યોનો એમ કુલ આઠ પ્રાતિહાર્યોનો ઉલ્લેખ પાંચમી ગાથામાં રજુ કર્યો છે). ૩

શ્રી તીર્થંકર પરમાત્માને જન્મથી ૪ અતિશયો હોય છે. ઘાતી કર્મોનો ક્ષય થવાથી બીજા ૧૧ અતિશયો ઉત્પન્ન થાય છે, અને વિનયવંત દેવો ૧૯ અતિશયો સર્જે છે. આમ કુલ ૩૪ અતિશયો વડે જગદીશ્વર શ્રી જિનરાજ શોભતા હોય છે. ૪

પ્રભુની વાણી ૩૫ ગુણયુક્ત હોય છે. ઉપર કહ્યા તે આઠ પ્રાતિહાર્યની શોભા માત્ર પ્રભુને જ ઘટે છે. આવા પરમ તારક, શિવપદગામી શ્રી તીર્થંકર પરમાત્માની સ્તવના કરતાં હું મને ધનભાગ્ય સમજું છું. ૫

**- શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા પ્રકાશિત "વંદું જિન ચોવીસ" ગ્રંથ**